# અરવલ્લી જીલ્લામાં ભાજપ સામે પાટીદારોનો આક્રોશ

## કઉ જીલ્લા પંચાયત સીટ સામાન્ય હોવા છતાં ઓબીસી ઉમેદવારને ફાળવતા રોષ

મોડાસા, તા. ૧૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ગુજરાતમાં ધમધમાટ ચાલી રહ્યો છે. રાજકીય પક્ષો જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ તથા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વ્યસ્ત થયા છે. અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકમાંથી ૪ બેઠક પર ઉમેદવારોની જાહેરાત બાકી રાખી અન્ય ૨૬ બેઠકો પર ઉમેદવારો જાહેર કરતાની સાથે જાણે ભાજપમાં ભડકો થયો જેવી સ્થિતી પેદા થઈ હતી કઉ જીલ્લા પંચાયત સીટ સામાન્ય હોવા છતાં ઓબીસી સમાજના યુવા અગ્રણીને ટીકીટ અપાતા પાટીદારો સમસમી ઉઠ્યા હતા અને જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે પહોંચી આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ભાજપ જીલ્લા સંગઠન અને મોવડીમંડળ પાટીદારોને ખો આપતી હોવાનો રોષ ઠાલવ્યો હતો સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને પાટીદારોની નારાજગી ભારે પડી શકે છે પાટીદાર સમાજને અન્યાય કરવામાં આવ્યો હોવાની બૂમો ઉઠી રહી છે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. અરવલ્લી જીલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત, મોડાસા અને બાયડ નગરપાલિકાની બેઠક પર ઉમેદવારો જાહેર કરતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો ભાજપ મોવલિ મંડળ અને સ્થાનિક સંગઠન જીલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાંથી ૨૬ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા ૪ બેઠક પર ઉમેદવારોની પસંદગી માટે થોભો અને રાહ જોવોની નિતી અપનાવી છે ભાજપે જીલ્લા પંચાયત બેઠકોના ઉમેદવારોની જાહેરાત કરતાંની સાથે ભાજપમાં ભડકો થયો હોય તેવી સ્થિતી કઉ સીટ પર સર્જાઈ હતી કઉ સામાન્ય સીટ પર ઉમેદવારી માટે દાવેદારી નોંધવાનાર પાટીદાર સમાજના ભાજપ પક્ષ સાથે સંકળાયેલ અગ્રણીઓ ભાજપે સામાન્ય સીટ પર ઓબીસી ઉમેદવારને ઉતારતાની સાથે ભડકો થયો હતો અને ભાજપ કાર્યાલય ખાતે



રજુઆત કરવા પહોંચ્યા હતા ત્યારે ભાજપ કાર્યાલય પર સંગઠન અને મોવડી મંડળ પાટીદારોને ખો આપતી હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પાટીદારોની નારાજગી સહન કરવી પડશે ની ચીમકી ઉચ્ચારી ભાજપ પાટીદારોને અન્યાય કરતો હોવાનું જણાવ્યું હતું

# મોડાસા શહેર કોંગ્રેસમાં મોટું ભંગાણ

મોડાસા, તા. ૧૧

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ ઉમેદવારોમાંની પસંદગી છેલ્લી ઘડી સુધી મનોમંથન કરી રહી છે જીલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ પણ થઈ ગયું છે ત્યારે ઉમેદવારોની પસંદગીને લઈને કોંગ્રેસમાં ભારે ભડકો થઈ રહ્યો છે. મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે હજુ કોંગ્રેસ ઉમેદવારો જાહેર કરવામાં અવઢવની સ્થીતીમાં છે તે પહેલા જ કોંગ્રેસમાં ટીકીટની દાવેદારી કરનાર અને પૂર્વ કોર્પોરેટર અને લઘુમતી સમાજમાં આગવી લોકચાહના ધરાવનાર સિકંદરભાઈ સુથાર ઉર્ફે રાજબાબુ તેમના ૩૦૦ થી વધુ સમર્થકો સાથે કોંગ્રેસનો સાથ છોડી AIMIM માં "બહોત દિયા કોંગ્રેસ કા હાથ આઓ અબ ચલે મીમ કે સાથ" ના નારા વાજતે-ગાજતે જોડાઈ જતા ગાત્રો થીજાવતી ઠંડીમાં પણ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મોડાસા શહેરમાં કોંગ્રેસ માટે એક સાધો અને તેર તુટે તેવા હાલત જોવા મળી છે.રાજબાબુની લોકચાહનાના બુધવારે રાત્રે દ્રશ્યો જોવા મળ્યા હતા AIMIM જોડાતા પહેલા તેમના સમર્થકોએ ખભે બેસાડી વાજતે ગાજતે જુલૂસ કાઢ્યું હતું

**પૂર્વ કોર્પોરેટર રાજાબાબુ ૩૦૦થી વધુ કાર્યકરો સાથે AIMIM ઠાઠથી જોડાયા,નગરપાલિકાની ચૂંટણીમાં મોટું નુકશાન**

મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પહેલા જ કોંગ્રેસમાં ભડકો થયો હતો લઘુમતી વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં વ્હાલા દવાલાની અને પાર્ટી ફંડના નામે ઉઘરાણું કરી રહી હોવાની અને પાર્ટી ફંડ આપે તેમને ટીકીટ આપવાની ચર્ચાએ જોર પકડ્યું છે. શહેર કોંગ્રેસમાં સતત ભંગાણ થાતા નગરપાલિકાની ચૂંટણીઓમાં કોંગ્રેસનો રકાસ થાય તેવી સ્થિતીમાં આવી ગયું છે પૂર્વ કોર્પોરેટર અને શૈક્ષણીક સંસ્થાઓ સાથે સંકળાયેલા સેવાકાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા સિકંદરભાઈ સુથાર ઉર્ફે રાજબાબુ તેમજ અન્ય યુવા કોંગ્રેસ અગ્રણી તૌસીફ શેખ ૩૦૦થી વધુ યુવા કાર્યકરો સાથે વાજતે ગાજતે AIMIM માં જોડાઈ ગયા હતા. મખદુમ ચોકડી પર જશ્ન જેવો માહોલ જામ્યો હતો. AIMIM જોડાયેલ રાજબાબુ વોર્ડ.નં-૭ માંથી ચૂંટણી જંગમાં જંપલાવશે મોટી સંખ્યામાં કોંગ્રેસ સમર્પિત મતબેંકના યુવાનોએ કોંગ્રેસનો સાથ છોડતા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઓવૈસીની પાર્ટીએ ભારે ભંગાણ સર્જાતા નેતાઓ દોડતા થઈ ગયા છે. મોડાસા શહેરમાં લઘુમતી સમાજમાં જાણે AIMIM માં જોડાવવા હોડ લાગી હોય તેમ બુધવારે રાત્રે કાર્યાલય પર પાર્ટીના સભ્ય બનવા માટે રીતસર પડાપડી કરી હતી.



મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં AIMIMપાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી જાય તો નવાઈ નહિ....!! મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને AIMIMની એન્ટ્રી ભાજપ કોંગ્રેસનું સત્તા હાંસલ કરવાનું ગણીત પર ભારે પડી શકે છે. ઓવૈસીની પાર્ટીના આગમનથી કોંગ્રેસને નગરપાલિકમાં મોટો ફટકો પડી શકે છેનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

## ઈડરના લાલોડા રોડ પરના કષ્ટભંજન સોસાયટીમાં રહેતા ઈસમ પાસેથી દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કારતુસ મળ્યા

ઈડર, તા. ૧૧

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી નો માહોલ વચ્ચે ગત રાત્રે પોલીસ પેટ્રોલિંગ સમયે મળેલ બાતમીના આધારે ઈડર ના લાલોડા રોડ પર આવેલ કષ્ટભંજન સોસાયટી માં રહેતા પરપ્રાંતીય ઈસમ ના ઘરે તાપસ કરતા એક દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કારતુસ મળી આવ્યા.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ ને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાની સૂચનાના આધારે ઈડર પી.એસ.આઈ.ના માર્ગદર્શન હેઠળ ઈડર પોલીસના જવાનો રાત્રીના સમયે ઈડર રેલવે સ્ટેશન વિસ્તારના જલારામ મંદિર ખાતે વાહન ચેકીંગ અને પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે મરેલ બાતમી ના આધારે ઈડરના રેલ્વે સ્ટેશન વિસ્તારના લાલોડા રોડ પરની કષ્ટભંજન સોસાયટીમાં રહેતા જગદીશ નાથુજી ગુર્જર મૂળ રહેવાસી માદડી બાગપુરા, તા.ઝાડોલ, ઉદેપુર, રાજસ્થાનના ઘરે તપાસ કરતા ઘરના બીજા મારે કપડાંની શુટકેસમાં સંતાડેલી દેશી બનાવટ ની માર્ક વગર ની એક પિસ્તોલ અને એ બે જીવતા કારતુસ મરી આવતા ઈડર પોલીસ ના પોલીસ કોસ્ટબલ જયરાજસિંહ, એ. એસ.આઈ. ચાંપાભાઈ, ભરતભાઈ તથા મુકુંદસિંહ એ આરોપીને પકડી ગેરકાયદે રાખેલ પિસ્તોલ અને કારતુસ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી શહેર મંડલ દ્વારા પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિને લઈને પુષ્પાંજલિ શ્રધ્ધાંજલી અર્પણ કરી સમર્પણ દિન તરીકેની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે આજે ભારતીય જનતા પાર્ટી પ્રાંતિજ શહેર મંડલ દ્વારા પંડિત દિનદયાલ ઉપાધ્યાય ની પુણ્યતિથિ નિમિત્તે પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલી અર્પિ હતી તો આજના આ દિનને સમર્પણ દિન તરીકેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા

પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત ડૉ.બાબાસાહેબ આંબેડકર કોમ્પલેક્ષ ખાતે આવેલ પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની ઓફિસ મદદ કાર્યાલય ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો જેમાં પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ સહિત ઉપસ્થિત સોવકોઈ ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પિ હતી તો આ પ્રસંગે નગરપાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, શહેરપ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલ, કુશવભાઈ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો નગરપાલિકા કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

**ભારતીય જનતા પાર્ટી પ્રાંતિજ શહેર મંડલ દ્વારા શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ સહિત ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં**

## સુરતથી અજમેર જતી ખાનગી લકઝરી બસ માલપુરના ચોરીવાડ નજીક પલ્ટી

### ૧ કિશોરી ઈજાગ્રસ્ત,મુસાફરોને સામાન્ય ઈજાઓ

મોડાસા, તા. ૧૧

ગુજરાતના માર્ગો પર લકઝરી બસ પલટી જવાની ઘટનાઓ સતત બની રહી છે આવી જ એક વધુ ઘટના અરવલ્લી જીલ્લામાં બની હતી જેમાં સુરત થી અજમેર જઈ રહેલ લકઝરી બસ માલપુરના ચોરીવાડ નજીક લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ઘુમાવતા બસ પલટી જતા એક યુવતી ગંભીર ઈજાઓ પહોંચી હતી અન્ય મુસાફરોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતની ઘટનાના પગલે માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી




મોડાસા-ગોધરા હાઈવે પર સુરત થી અજમેર જતી કે.ટ્રાવેલ્સ લખેલ ખાનગી લકઝરી બસ ગુરુવારે પરોઢિયે માલપુરના ચોરીવાડ નજીક પસાર થતા સમયે લકઝરી બસના ચાલકે અગમ્ય કારણોસર સ્ટિયરિંગ પરથી કાબુ ઘુમાવતા લકઝરી બસ ધડાકાભેર પલ્ટી જતા બસમાં ગાઢ નિંદ્રામાં રહેલા મુસાફરોએ ચિચિયારીઓ પાડી મૂકી હતી અકસ્માતના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા માલપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી લકઝરી બસમાં ફસાયેલ મુસાફરોને બહાર કાઢ્યા હતા એક યુવતીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અન્ય મુસાફરોના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ અને માલપુર પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો ચોરીવાડ નજીક પરોઢિયે એમ્બ્યુલન્સના સાયરન ના અવાજ થી સમગ્ર માહોલ ગુંજી ઉઠ્યો હતો.

# પ્રાંતિજના ધડીના મઠ ખાતે આવેલ શિવમંદિર ખાતે યજ્ઞનું આયોજન



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ધડી ના મઠ મા આવેલ શિવમંદિર ખાતે યજ્ઞ નુ આયોજન કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ તાલુકાના ધડીના મઠ ખાતે આવેલ શિવમંદિર ખાતે યજ્ઞ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મુખ્ય યજમાન પદે લાલપુર ગામના લાલસિંહ ઝાલાએ ધર્મ લાભ લીધો હતો અને બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પુજા કરાવવામા આવી હતી તો આ પ્રસંગે ભીખુસિંહ ઝાલા સહિત આગેવાનો ગામના લોકો સહિત ધર્મ પ્રેમી લોકો ઉપસ્થિત રહીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# બાંઠીવાડા ગામે અનુ.જાતિ સમાજની મહિલાઓ પાણીની માંગને લઈ બની રણચંડી

### માટલા ફોડી ચૂંટણી બહિષ્કારની ચીમકી,પાણી નહીં તો વોટ નહિ

મોડાસા, તા. ૧૧

સ્થાનિક સ્વરાજની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગ્રામ્ય વિસ્તારમાં મતદારોનો રોષ પણ ભભૂકવા લાગ્યો છે.કેમ કે વિકાસની વાતોના નામે ખોબે ને ખોબે મત લઈ ગયેલ રાજકીય નેતાઓના વાયદા માત્ર વાયદા જ રહી ગયા છે. ચૂંટાયેલ નેતાઓની ટર્મ પુરી થઈ ગઈ પરંતુ કરેલા વિકાસના કામોના વાયદા તો ત્યાં જ રહી ગયા. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડાના અજુના હીરોલા વિસ્તારમાં અનુસુચિત જાતિ સમાજની મહિલાઓ પાણી અને રોડની સુવિધા થી વંચીત રહેતા રણચંડી બની હતી અને દેખાવ યોજી દેખાવ સ્થળે માટલા ફોડી ચૂંટણી બહિષ્કારની



ચીમકી ઉચ્ચારી પાણી નહીં તો વોટ નહીં રોડ નહીં તો વોટ નહીં ના સૂત્રોચ્ચાર કરી તંત્ર અને નેતાઓ સામે આક્રોશ ઠાલવ્યો હતો.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામના પેટા પરામાં આવેલ અજુના હિરોલા વિસ્તારમાં અનુસુચિત જાતિ સમાજના લોકોએ અને મહિલાઓએ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન બહિષ્કારની ચીમકી આપી છે. અજુના હિરોલા ગામના અનુસુચિત જાતિ સમાજના મતદારો અને સ્થાનિક લોકો છેલ્લા કેટલાય વર્ષોથી પાણી અને રોડની સુવિધાથી વંચીત રહેતા પાણી અને રોડની માંગ કરી રહ્યા છે અને નેતાઓ ચૂંટણીમાં મત માંગતા સમયે રોડની ગેરંટી આપીને મત મેળવી વિજયી બંને છે અને પછી મતદારો સમક્ષ આપેલ ગેરંટી તો દુર રહી જીતેલા કે હારેલા નેતાઓ ગામમાં નજર કરવા પણ આવતા ન હોવાના આક્ષેપ સાથે સૂત્રોચ્ચાર કરી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારતા તંત્ર અને નેતાઓ દોડતા થયા હતા.

## ઈડર બારેલા તળાવ પાસે મારુતિ ૮૦૦માં આગ લાગી

ઈડર (બ્યુરો ઓફિસ), તા. ૧૧

ઈડર અંબાજી હાઈવે રોડ પર પથિક પેટ્રોલ પંપ નજીક કડિયાદરા ગામના વતની ભાવેશ પ્રભુદાસ ભાઈ પ્રજાપતિ સી.એન.જી કીટ લગાવેલી મારુતિકંપની ની ૮૦૦ ગાડી નંબર જી જે ૦૯એમ ૬૯૦૬ ગાડી લઈ ને મનોજ ભાઈ પ્રભુદાસ પ્રજાપતિ કડિયાદરા ગામ બાજુ જતા હતા ત્યારે અચાનક એન્જીન ના ભાગમાંથી ધુમાડો નિકળતા આગ લાગી હતી ઈડર પોલીસ અને ઈડર ફાયરબ્રિગેડ ટિમ ને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આગને બુજવવામા આવી હતી અને કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી.



**જન્મદિને વધામણી**



દિનેશભાઈ રૂપાભાઈ ભરવાડ

# પ્રાંતિજ ખાતે શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત ભવ્ય બાઈક રેલી

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રીરામ જન્મભૂમિ નિર્માણ નિધિ સમર્પણ અભિયાન શ્રીરામ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન માટે થોડા દિવસ પહેલા કાર્યાલયનો પ્રારંભ કરવામા આવ્યો હતો અને

**સંતો મહંતો વિશ્વ હિન્દુ પરિષદ સહિત ધર્મ પ્રેમી લોકો જોડાયા : પ્રાંતિજ ખાતે ભવ્ય બાઇક રેલી યોજાઈ : પ્રાંતિજના વિવિધ માર્ગો શ્રીરામ ભગવાનના જયકારથી ગુંજી ઉઠયા હતા**

અંતર્ગત ભવ્ય બાઈક રેલી જયશ્રીરામ ના જયઘોષ સાથે યોજાઈ હતી જેમા રેલીનુ પ્રસ્થાન પ્રાંતિજ નાનીભાગોળ પંખીધર થી નિકળી બજારચોક થઈ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ મહકાલી મંદિર ખાતે સમાપણ થયુ હતુ .

અયોધ્યા મા જયારે ભવ્ય રામ મંદિર નિર્માણ થનાર છે ત્યારે દેશના દરેક ધર્મપ્રેમી નાગરિક યથાશક્તિ પ્રમાણે પોતાનુ યોગદાન આપી શકે એ માટે વિશ્વ હિન્દુ પરિષદ સંસ્થા અનેક તૈયારી શરૂ કરી નાખી છે ત્યારે પ્રાંતિજ ખાતે અધ્યોધ્યામા ભગવાન શ્રી રામનુ ભવ્યાતિભવ્ય મંદિર બની રહ્યુ છે ત્યારે દેશભરમા લોકોના શ્રદ્ધા અને આસ્થાનુ કેન્દ્ર છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા ની જનતાએ આ ભગીરથ કાર્ય અને યજ્ઞ મા યથા શક્તિ આહુતિ આપવા સર્વે પ્રાંતિજ તાલુકાના તેમજ પ્રાંતિજ શહેર ની ધર્મપ્રેમી જનતા ને આહવાન કરવામા આવ્યુ છે જેને લઈ આજે શ્રીરામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત આજ રોજ મોટી સંખ્યામા બાઈક રેલી યોજાઈ હતી જેમા પ્રાંતિજ નાનીભાગોળ પંખીધરથી નિકળી પ્રાંતિજ બજાર સહિતના વિસ્તારોમાં થઈ ને ભાખરીયા બસ સ્ટેન્ડ ઉપર આવેલ શ્રી મહકાલી મંદિર સુધી રેલી યોજાઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકા માથી ધર્મપ્રેમી જનતા



બાઈક રેલીમા મોટી સંખ્યામા જોડાયા હતા તો વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા યોજાયેલ આ બાઈક રેલીમા આવેલ સુનીલદાસજી , ગુજરાત કરણી સેના પ્રમુખ રાજ શેખાવત, તાલુકા સદસ્ય પ્રદીપસિંહ રાઠોડ, નટુભાઈ બારોટ, પ્રસારાજા, સહિત હિન્દુ સમાજ ના અગ્રણીઓ તથા વિશ્વ હિન્દુ પરિષદ ના સમગ્ર કાર્યકરો તથા શ્રીરામ જન્મ ભૂમિ નિર્માણ નિધિ સમર્પણ અભિયાન કમીટી ના સભ્યો સહિત મોટી સંખ્યામા ધર્મ પ્રેમી લોકો રેલી મા જોડાયા હતા અને સમગ્ર પ્રાંતિજ શહેર ના જાહેર માર્ગો શ્રીરામ ભગવાન ના જયકાર થી ગુંજી ઉઠયુ હતુ.

### ભરબપોરે ઘરમાં પ્રવેશી મહિલાની એકલતાનો લાભ લઇ

# આરોપી બળજબરીથી શરીર સંબંધ બાંધી ઘરમાંથી રોકડ -દાગીના મળી રૂ.૧.૧૦ લાખની મત્તાની ચોરી કરી ફરાર

હિંમતનગર તા.૧૧

હિંમતનગર નજીક નવા બળવંતપુરા ગામે ભરબપોરે ઘરમાં પ્રવેશી મહિલાની એકલતાનો લાભ લઈ આરોપી બળજબરીથી શરીર સંબંધ બાંધી ઘરમાંથી રોકડ -દાગીના મળી રૂ.૧.૧૦ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

ભોગ બનનાર ફરીયાદી મહિલા કોમલબા નટવરસિંહ કાળુસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦ રહે.નવા બળવંતપુરા, તા.હિંમતનગર )એ નોંધાવેલ ફરિયાદ મુજબગઈ તા.તા.૧૭/૧૨/ ૨૦૨૦ ના રોજ બપોરના બે વાગ્યાના સમયગાળા દરમિયાન આરોપીએ નવા બળવંતપુરા ગામે ઘરમાં પ્રવેશીને મહિલાની એકલતાનો લાભ લઈને તેણી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી ઘરમાંથી રોકડ - દાગીના મળી રૂ.૧.૧૦ લાખની મત્તાની ચોરી કરી ફરારશથઈ ગયો હતો. આ ચોરીમાં રૂ. ૨૦૦૦૦/- રોકડા અને રૂ.૯૦૦૦૦/- ના ત્રણ તોલાના દાગીનાનો સમાવેશ થાય છે.

આ. અંગે આરોપી આફતાબહુસૈન ગુલામ હુકકા (,પોલોગ્રાઉન્ડ,હિંમતનગર)વિરુદ્ધ હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે પી.સી.કલમ-૩૭૬(૧), ૩૨૦ મુજબ ગુનો નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**નવા બળવંતપુરા ગામે પોણા બે માસ બાદ ભોગ બનનારે૧૦ મી ફેબ્રુઆરીના રોજ ફરિયાદ નોંધાવી**

## અવસાન નોંધ..



બાયડ તા.૧૧

બાયડ : બાયડના પ્રિતેશ દરજી અને નિમેષ દરજી(ભરત લેડિઝ ટેલર્સ-બાયડ)ના માતૃશ્રી કોકિલાબેન ભરતભાઈ દરજીનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં અનેક લોકો જોડાયા હતા.સદગતનું બેસણું તા.૧૫ ફેબ્રુઆરી, સોમવારે બપોરે ૧૨ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન ૧૪/૧ ઋષિકુંજ સોસાયટી, ગિરીરાજ કેમ્પસ, બાયડ ખાતે રાખેલ છે.